**Surat Municipal Corporation**

**e-Magazine**

**Issue 42**
**Mar. 10, 2006**



## વાસા એમેન્ફી, ઘાના, આફ્રિકા ખાતે સુરત મહાનગરપાલિકા તેમજ ઈંગલેન્ડના લંડન શહેરના હેમરસ્મીથ અને ફુલહામના પ્રતિનિધિ મંડળની મુલાકાત

ઈંગલેન્ડના લંડન શહેર સ્થિત Common Wealth Local Government Forum ના નેજા હેઠળ Local Government Good Practices Scheme હેઠળ વિવિધ પ્રકારના ટ્રેઈનીંગ પ્રોગ્રામો તેમજ તેના સભ્ય દેશોને જરૂરી ટેકનીકલ તેમજ મેનેજરીયલ હેલ્પ માટે આ મહાનગરપાલિકાને એક અનેરો મોકો સાંપડયો છે.....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના યુ.સી.ડી. પ્રોત્સાહિત મિલન મહિલા મંડળ ધ્વારા જરદોશી તાલીમાર્થીઓને ટુલકીટ, પ્રમાણપત્ર, સ્ટાઈપેન્ટ વિતરણ કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા યુ.સી.ડી. વિભાગ પ્રોત્સાહિત મિલન મહિલા મંડળ ધ્વારા રાજય સરકારશ્રીની સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના અંતર્ગત જરદોશી તાલીમ વર્ગના ૨૩ તાલીમાર્થીઓને "ટુલકીટ, પ્રમાણપત્ર, સ્ટાઈપેન્ટ" ના વિતરણના કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના સમાજકલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ અસ્મિતાબેન શિરોયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ....

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી જશવંત પચ્ચીગર સાયકલ સ્પર્ધા તથા દોડ સ્પર્ધા

હરિ ઓમ આશ્રમ પ્રેરિત સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી જશવંત પચ્ચીગર સાયકલ સ્પર્ધા તથા દોડ સ્પર્ધા આગામી તા. ૫ મી માર્ચ, ૨૦૦૬ના રોજ સવારે ૬.૩૦ કલાકે સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, (એસ.વી.આર.એન્જીનિયરીંગ કોલેજ) ઈચ્છાનાથ, સુરત ખાતે યોજવામાં આવી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>

## ડો. શ્યામાપ્રસાદ મુખરજી ઝુઓલોજીકલ ગાર્ડન ખાતે પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણી

ડો. શ્યામાપ્રસાદ મુખરજી ઝુઓલોજીકલ ગાર્ડનનો મુખ્ય હેતુ લોકોમાં પ્રાણી સૃષ્ટિ અને વનસ્પતી સૃષ્ટિ પ્રત્યે રક્ષણાત્મક વલણ કેળવવા અને ક્રિયાશીલ પ્રકૃતિનું સંરક્ષણ મથક તરીકે સેવા પ્રદાન કરવાનો, ભારતના ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ઘાટના ઉત્કૃષ્ટ અને લુપ્ત પ્રાણી વર્ગોની વંશ–વૃધ્ધિ કાર્યક્રમને પ્રોત્સાહિત કરી, બદલામાં ઉત્તમ લોકસેવાઓ જેવી કે મનોરંજન, જીવ સંરક્ષણ અને વન્ય જીવનનું શિક્ષણ પુરું પાડવાનો છે.....

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા દ્વારા લીંબાયત ઝોન વિસ્તારના વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્ર તેમજ ચોથા વર્ગના સફાઈ કામદારો માટે આવાસ યોજનાની તા. ૮/૩/૨૦૦૬ ના રોજ ખાતમુહૂર્તવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા લીંબાયત ઝોન વિસ્તારના વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્ર તેમજ ચોથા વર્ગના સફાઈ કામદારો માટે આવાસ યોજનાની ખાતમુહૂર્તવિધિ મા. મેયર ડો. કનુભાઈ માવાણીના વરદહસ્તે રાખવામાં આવેલ. આ પ્રસંગે મેયરશ્રીએ તેમના ઉદબોદધનમાં જણાવ્યું કે, કોર્પોરેશન છેવાડાના માનવીને સુરત મહાનગરપાલિકાની સેવા આપવા સતત ચિંતા કરે છે. સુરત મહાનગરપાલિકાના સદસ્યશ્રીઓ આ વિસ્તારની સેવા માટે કાયમ પ્રયત્નશીલ છે.....

વધુ માટે કલીક કરો >>>>>>

## વાસા એમેન્ફી, ઘાના, આફ્રિકા ખાતે સુરત મહાનગરપાલિકા તેમજ ઈંગલેન્ડના લંડન શહેરના હેમરસ્મીથ અને ફુલહામના પ્રતિનિધિ મંડળની મુલાકાત :



ઈંગલેન્ડના લંડન શહેર સ્થિત Common Wealth Local Government Forum ના નેજા હેઠળ Local Government Good Practices Scheme હેઠળ વિવિધ પ્રકારના ટ્રેઈનીંગ પ્રોગ્રામો તેમજ તેના સભ્ય દેશોને જરૂરી ટેકનીકલ તેમજ મેનેજરીયલ હેલ્પ માટે આ મહાનગરપાલિકાને એક અનેરો મોકો સાંપડયો છે. ઉકત યોજના હેઠળ ભારત દેશમાં સૌ પ્રથમ સુરત મહાનગરપાલિકાને તેણે વિકેન્દ્રીકરણ અને ફાયનાન્સીયલ મેનેજમેઝટના ક્ષેત્રે હાંસલ કરેલ સિધ્ધીઓને ધ્યાન લઈ પ્રથમ વખત જ સલાહકાર તરીકે આફ્રિકાના ઘાના દેશમાં આવેલ વાસા એમેન્ફી ડીસ્ટ્રીકટ એસેમ્બલીના કાર્યક્ષેત્રમાં આવતી પ્રવૃતિમાં સલાહ સૂચન આપી નાણાંકીય સચાંલન ક્ષેત્રે સુવ્યવસ્થિત આયોજન કરી તેના નાણાંકીય સ્ત્રોતોને ઉંચા લાવી સ્ત્રોતોની વસૂલાત ક્ષેત્રે સમયબધ્ધ રીતે સિધ્ધીઓ પ્રાપ્ત કરી શકાય તે માટે નિમંત્રણ પાઠવ્યું હતુ. આ એક અદ્વિતીય સિધ્ધી એટલા સારૂ કહી હકાય કે હાલ ભારત દેશના વિવિધ શહેરોને Common Wealth Member Countries માં તેવા શહેરોનું અનુકરણ કરવા નિમત્રંણ મળ્યા હતા પરંતુ સુરત મહનગરપાલિકાને અનેરી રીતે આંકી તેને સલાહકાર તરીકે નિમત્રંણ મળ્યુ છે.



આ યોજના હેઠળ સુરત મહાનગરપાલિકાને કોઈપણ નાણાંકીય ફી / કન્સલ્ટન્સી ચાર્જીસ મળવાના નથી પરંતુ તેના પ્રતિનિધિ મંડળને Wasa Amenfi District માં જઈ આ મહાનગરપાલિકાના પ્રતિનિધિ મારફતે ફકત સેવા આપવા માટે આવવા–જવામાં ભાડું હોટેલમાં રહેવાની તેમજ પ્રતિદિન રહેવા–જમવાના ખર્ચ પેટે સ્ટર્લીંગ પાઉન્ડ દ્રારા ચૂકવણી કરવા માટે છે. એટલે કે cash નહીં પરંતુ kind માં આ મહાનગરપાલિકાએ સહયોગ આપવાનો રહે છે.

યોજના હેઠળ ત્રિપક્ષીય ભાગીદારી નકકી થયેલ છે જેમાં સુરત મહાનગરપાલિકા તેમજ લંડનના હેમરસ્મિથ અને ફુલહામ બરો, વાસા એમેન્ફી ડીસ્ટ્રીકટ એસેમ્બલી કે જે ટાર્ગેટ કન્ટ્રી છે તેને ત્યાં પ્રવર્તતી ગરીબી નાબુદી, જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરવા અને તેમ કરી નાણાંકીય સંચાલન સુદઢ બને તેમજ આવકના સિમિત સ્ત્રોતોને કઈ રીતે વધારી શકાય અને તેમાંથી વધુને વધુ આવક પ્રાપ્તિ કરવામાં મદદરૂપ થવાય તે માટે સલાહ પૂરી પાડવાની રહે છે. તા. ૨૯–૧–૦૬ થી તા. ૧૦–૨–૦૬ સુધી સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર શ્રી પંકજ જોષી, આઈ.એ.એસ., ડેપ્યુટી કમિશનર (જનરલ) શ્રી કંદર્પ મહેતા તેમજ ડેપ્યુટી કમિશનર (સ્પેશ્યલ) શ્રી પ્રદિપસિંહ ઝાલાએ લંડનના બરો હેમરસ્મિથ અને ફુલહામ તેમજ વાસા એમ્નફીની મુલાકાત લીધી હતી તેમજ આ બંને સ્થળોએ મ્યુનિસિપલ કમિશનર શ્રી પંકજ જોષી તેમજ ડેપ્યુટી કમિશનર શ્રી કંદર્પ મહેતાએ જરૂરી પ્રેઝન્ટેશન કર્યા હતા તેમજ બન્ને દેશોના પ્રતિનિધિ મંડળ સાથે તેઓની નાણાંકીય સંચાલનની પધ્ધતિ , નાણાંકીય સ્ત્રોત વગેરેની પ્રાથમિક ચર્ચા કરી સૂચનોની આપ–લે કરી હતી. આ ઉપરાંત વાસા એમેન્ફી ખાતે ડીસ્ટ્રીકટ એસેમ્બલીના સદસ્યશ્રીઓ તેમજ ત્યાંના ફાયનાન્સીયલ મેનેજમેન્ટના સ્ટાફ સાથે પ્રાથમિક પરામર્શ કર્યુ હતુ.



વાસા એમેન્ફી ખાતે ઘણોજ ઉમળકાભર્યો સહયોગ સાંપડયો છે અને આ દિશામાં આગળની કાર્યવાહી કરવાની રહે છે જે માટે સમયાંતરે અત્રેથી જુદા જુદા સ્તરના અમલદારોને જેમ જરૂર પડશે તેમ System Development & Implementation માટે મોકલવાનું આયોજન કરવામાં આવશે. જો કે આ બાબત સમય માંગી લે તેવી છે અને તેમાં ઓછામાં ઓછા અઢી થી ત્રણ વર્ષનો સમય વ્યતિત થાય તેમ છે. આ માટે એક વિસ્તૃત રીપોર્ટ મોકલવાનો રહેશે જેમા\ Project Implementation Strategy નો સમાવેશ થશે. આ રીપોર્ટ તૈયાર કરતા સ્વાભાવિક થોડો સમય જાય તેમ છે પરંતુ તે પહેલા લંડન બરો ઓફ હેમરસ્મિથ અને ફુલહામ તેમજ વાસા એમેન્ફી ડીસ્ટ્રીકટના કેટલાક પ્રતિનિધિ આગામી એપ્રિલ માસમાં સુરત મહનગરપાલિકાની મુલકાત લે તે જરૂરી બને છે. જેઓ અહીં સુરત મહાનગરપાલિકા ખાતે નાણાંકીય સંચાલન તેમજ આવકના સ્ત્રોતોનો અભ્યાસ કરશે અને ત્યારબાદ વાસા એમેન્ફી ખાતે હાથ ધરાનાર પ્રોજેકટની ત્રણે પક્ષકારો outline નકકી કરશે.

TOP

## સુરત મહાનગરપાલિકાના યુ.સી.ડી. પ્રોત્સાહિત મિલન મહિલા મંડળ ધ્વારા જરદોશી તાલીમાર્થીઓને ટુલકીટ, પ્રમાણપત્ર, સ્ટાઈપેન્ટ વિતરણ કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા યુ.સી.ડી. વિભાગ પ્રોત્સાહિત મિલન મહિલા મંડળ ધ્વારા રાજય સરકારશ્રીની સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના અંતર્ગત જરદોશી તાલીમ વર્ગના ૨૩ તાલીમાર્થીઓને " ટુલકીટ, પ્રમાણપત્ર, સ્ટાઈપેન્ટ " ના વિતરણના કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના સમાજકલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ અસ્મિતાબેન શિરોયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. જેમાં સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભુવા, સદસ્ય શ્રીમતિ સ્મીતાબેન પટેલ, શ્રીમતિ રેણુકાબેન શાહ, શ્રી પ્રવિણભાઈ પટેલ, શ્રી વજુભાઈ સુહાગીયા, શ્રી પરસોતમભાઈ માંગુકીયા, શ્રી જશવંતભાઈ ગાયકવાડ, શ્રીમતિ કવિતાબેન સુર્યવંશી તેમજ સદસ્યશ્રી મુકેશભાઈ પટેલ તથા યુ.સી.ડી. વિભાગના વિભાગીય વડા શ્રી સી.વાય.ભટ્ટ સાહેબ, ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી નરેશભાઈ વ્યાસ, મિલન મહિલા મંડળના પ્રતિનિધિશ્રીઓ તેમજ વિસ્તારની બહેનો હાજર રહયા હતા. આ પ્રસંગે મિલન મહિલા મંડળની બહેનોએ પ્રાર્થના રજુ કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી તેમજ કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર શ્રીમતિ જયશ્રીબેન એ. પટેલે મહેમાનોનો સ્વાગત પરિચય કરાવ્યો હતો.

ટુલકીટ વિતરણ કાર્યક્રમના અધ્યક્ષા સમાજ કલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ અસ્મિતાબેન શિરોયાએ પ્રાસંગીક ઉદબોધનમાં જણાવ્યું કે, મહિલા મંડળોની આવી બહેનોના ઉત્થાનની પ્રવૃત્તિ જોઈને હું ખુબ જ આનંદની લાગણી અનુભવું છું તેમણે બહેનોએ પ્રોત્સાહિત કરતાં જણાવ્યું કે, બહેનોએ પોતાના આત્મવિશ્વાસથી આગળ વધીને પોતાના ધ્યેય સિધ્ધ કરવા બહેનોએ આગળ આવવું પડશે. આજની મોંઘવારીમાં કુટુંબની અર્થોપાર્જનની પ્રવૃત્તિમાં પહોંચી વળવા બહેનોએ જોડાવું પડશે. તોજ આ સમાજ આગળ વધશે.

યુ.સી.ડી. વિભાગના વડા આસી. કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટે આવકાર પ્રવચન આપતા જણાવ્યું કે મંડળો સંચાલિત એસ. જે. એસ. વાય. યોજનાના આવા તાલિમવર્ગો ત્યારે જ સફળ થયેલા ગણાશે જયારે બહેનો રોજગારી મેળવી પોતે આર્થિક ઉપાર્જન કરતી થશે.

યુ.સી.ડી. વિભાગના ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી નરેશભાઈ વ્યાસે તેમના વકતવ્યમાં જણાવ્યું કે, સંગઠનો ધ્વારા લોકશાહીની પ્રત્યક્ષ તાલિમ આપી મહિલાઓમાં ભારતીય લોકશાહીની પ્રણાલી મુજબ સમુદાયને સાથે રાખીને વિકાસ કરવાની તાલિમ આપવામાં આવે છે.

મિલન મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ રંજનબેન પટેલે મંડળનો વાર્ષિક અહેવાલ ટુંકમાં રજુ કર્યો હતો તેમજ સૈયદવાડા–ધાસ્તીપુરા મ.વિ.પરિષદના પ્રમુખ શ્રીમતિ લક્ષ્મીબેન પડાયાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર શ્રીમતિ જયશ્રીબેન પટેલે કર્યુ હતું.




TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી જશવંત પચ્ચીગર સાયકલ સ્પર્ધા તથા દોડ સ્પર્ધા

હરિ ઓમ આશ્રમ પ્રેરિત સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી જશવંત પચ્ચીગર સાયકલ સ્પર્ધા તથા દોડ સ્પર્ધા આગામી તા. ૫ મી માર્ચ, ૨૦૦૬ના રોજ સવારે ૬.૩૦ કલાકે સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, (એસ.વી.આર.એન્જીનિયરીંગ કોલેજ) ઈચ્છાનાથ, સુરત ખાતે યોજવામાં આવી હતી. દોડ સ્પર્ધામાં છોકરા છોકરી મળી કુલ ૧૪૬ સ્પર્ધકોએ તથા સાયકલ સ્પર્ધામાં કુલ ૯૦ સ્પર્ધકો મળી કુલ ૨૩૬ સ્પર્ધકોએ અરજી કરી હતી. આ બંને સ્પર્ધા મળીને કુલ ૧૬૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા, જેમના નામ જોડે આ સ્પર્ધા જોડાયેલી છે તેવા આ સ્પર્ધાના પ્રણેતા મુ. શ્રી જશવંતભાઈ પચ્ચીગર તથા વડીલ શ્રી ચીમનલાલ લાપસીવાલા સ્પર્ધા સ્થળે હાજર રહી સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો. તથા આ જ મહાનુભાવના વરદહસ્તે વિજેતાઓને પુરસ્કાર એનાયત કરાયા હતા. સ્પર્ધાના નિર્ણાયકશ્રીઓ તરીકે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વ્યાયામ શિક્ષકોએ સુંદર સેવા આપી હતી.



TOP

## ડો. શ્યામાપ્રસાદ મુખરજી ઝુઓલોજીકલ ગાર્ડન ખાતે પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણી

ડો. શ્યામાપ્રસાદ મુખરજી ઝુઓલોજીકલ ગાર્ડનનો મુખ્ય હેતુ લોકોમાં પ્રાણી સૃષ્ટિ અને વનસ્પતી સૃષ્ટિ પ્રત્યે રક્ષણાત્મક વલણ કેળવવા અને ક્રિયાશીલ પ્રકૃતિનું સંરક્ષણ મથક તરીકે સેવા પ્રદાન કરવાનો, ભારતના ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ઘાટના ઉત્કૃષ્ટ અને લુપ્ત પ્રાણી વર્ગોની વંશ–વૃધ્ધિ કાર્યક્રમને પ્રોત્સાહિત કરી, બદલામાં ઉત્તમ લોકસેવાઓ જેવી કે મનોરંજન, જીવ સંરક્ષણ અને વન્ય જીવનનું શિક્ષણ પુરૂં પાડવાનો છે.

સુરત પ્રાણી સંગ્રહાલય કુલ–પર (બાવન) પ્રકારના પ્રાણી અને પક્ષી વર્ગોનું રહેઠાણ છે. જે પૈકીના કેટલાક કુદરતમાં લુપ્ત અવસ્થાએ છે. પ્રાણી સંગ્રહાલય આ લુપ્ત પ્રાણી વર્ગોની વંશ–વૃધ્ધિ માટે વંશ–વૃધ્ધિ કાર્યક્રમ યોજી તેમને બંધિત સંરક્ષણ પુરૂં પાડયું છે. જણાવેલ પ્રાણી સંગ્રહાલયનું ચોકબજાર ખાતે માછલી ઘર એકમ આવેલ છે. જેમાં મીઠા પાણીની વિવિધ માછલીઓ પ્રદર્શન માટે મૂકેલ છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ બંધિત પ્રાણીઓ અને પક્ષીઓનાં કલ્યાણ અને સંવર્ધન અર્થે પ્રાણી સંગ્રહાલયને એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડીયા (ભારતીય પ્રાણી કલ્યાણ બોર્ડ)ના માર્ગદર્શન મુજબ ૧૪ થી ૨૮ મી જાન્યુઆરી–૨૦૦૬ દરમ્યાન પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણી કરેલ છે. જેમાં પ્રાણી સંગ્રહાલયના માર્ગદર્શક, અનુચરો, સેવકો અને પશુ–પક્ષીઓના રક્ષણ–સંરક્ષણ અને માવજત સાથે સંકળાયેલા વિવિધ એન.જી.ઓ.એ. પણ સક્રિય ભાગ ભજવ્યો હતો.

જણાવેલ કાર્યક્રમ માટે પ્રાણીઓ અને મુલાકાતીઓની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખીને કોઈપણ પ્રકારના પ્રચાર–પ્રસાર વડે લોકોને ભાગ લેવા માટે માહિતગાર કરવામાં આવ્યા ન હતા, તેમ છતાં પ્રાણી સંગ્રહાલયના કર્મચારીઓ અને બીજી એન.જી.ઓ. કે જેઓ પ્રાણી સંગ્રહાલયના વૈવિધ્યપૂર્ણ અને નિયમિત કાર્યના જાણકાર છે તેમને સ્વૈચ્છિક અને ક્રિયાશીલ રીતે ભાગ લેવા પરવાનગી અપાઈ હતી.

આ પખવાડીયા દરમ્યાન પ્રાણી સંગ્રહાલયના દરેક પ્રાણીઓ અને પક્ષીઓના આરોગ્ય અને તેમના બીજા કોઈપણ અસાધારણ વર્તનને લીધે અલગ તરી આવતાં પ્રાણીઓની ઘનિષ્ઠ આરોગ્ય તપાસણી કરી અને બિમાર જણાતાં પ્રાણીઓ–પક્ષીઓને વિશિષ્ટ ઉપચાર અને સંભાળ હેઠળ રાખવામાં આવ્યા હતા. જરૂરીયાત ધરાવનારનો જરૂરી ઉપચાર કરી, રોગ નિદાન કરવામાં આવ્યું. તદઉપરાંત માસાંહારી, મિશ્રાહારી, તૃણાહારી પ્રાણીઓના હિસ્ટ્રી કાર્ડ જોઈ, તેમાં રસીકરણ, કૃમિનાશક, તણાવરહિત તત્વો, વિટામીન અને મીનરલ ઘટકો આપવાના રહી ગયેલ છે કે કેમ? તેની ઉલટ તપાસ કરવામાં આવી. પ્રાણી સંગ્રહાલય હોસ્પીટલ ખાતે પશુ–પક્ષી પ્રેમીઓ ધ્વારા લાવવામાં આવેલ ઈજાગ્રસ્ત અને બિમાર પશુ–પક્ષીઓને ઝુ વેટરજરી ધ્વારા સુંદર અને નિઃશુલ્ક ઉપચાર પૂરો પાડવામાં આવ્યો હતો.

પ્રાણી સંગ્રહાલયના અધિકારી/કર્મચારીઓ ધ્વારા માર્કેટ વિસ્તારો કે જયાં પાલતુ પશુ–પક્ષીઓનું વેચાણ થતું હોય ત્યાંની મુલાકાત લઈ પશુ ક્રુરતા નિવારણ અધિ નિયમનની તપાસ જોગવાઈઓનો અમલ થાય છે કેમ? તેની સુનિશ્ચિતતા નકકી કરવામાં આવેલ હતી.

વિવિધ સરકારી અને ખાનગી પશુ ચિકિત્સા ગૃહોની મુલાકાત લઈ ત્યાં ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવામાં આવેલ જાનવરોમાં થયેલ બિમારી, તેના ઉપચાર અને તેના અટકાયત માટેની જાણકારી મેળવી. તદઉપરાંત પીંજરામાં રાખવામાં આવતા જંગલી પશુ–પક્ષીઓના આરોગ્ય, રક્ષણ, સંરક્ષણ, તકેદારીઓ અને તેમના કલ્યાણને લગતી વિવિધ પ્રવૃત્તિઓ તેમાં ઉભા થતાં વિવિધ પ્રશ્નોની ચર્ચા અને સંવાદ કરવા માટે આ વિષયોના નિષ્ણાંતો સાથે મુલાકાત લીધી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા લીંબાયત ઝોન વિસ્તારના વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્ર તેમજ ચોથા વર્ગના સફાઈ કામદારો માટે આવાસ યોજનાની તા. ૮/૩/૨૦૦૬ ના રોજ ખાતમુહૂર્તવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા લીંબાયત ઝોન વિસ્તારના વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્ર તેમજ ચોથા વર્ગના સફાઈ કામદારો માટે આવાસ યોજનાની ખાતમુહૂર્તવિધિ મા. મેયર ડો. કનુભાઈ માવાણીના વરદહસ્તેતા. ૮/૩/૨૦૦૬ ના રોજ રાખવામાં આવેલ. આ પ્રસંગે મેયરશ્રીએ તેમના ઉદબોદધનમાં જણાવ્યું કે, કોર્પોરેશન છેવાડાના માનવીને સુરત મહાનગરપાલિકાની સેવા આપવા સતત ચિંતા કરે છે. સુરત મહાનગરપાલિકાના સદસ્યશ્રીઓ આ વિસ્તારની સેવા માટે કાયમ પ્રયત્નશીલ છે. સુરતને સ્વચ્છ અને તંદુરસ્ત બનાવવા માટે કોર્પોરેશન રસ્તા, ગટર, પાણી તથા આરોગ્યને લગતી સેવાઓ લિંબાયત ઝોનમાં આપવા માટે સતત પ્રક્રિયા ચાલુ છે. તે જ વિકાસની પ્રગતી પરથી જાણી શકાય છે. આ વિસ્તારમાં ચોમાસા દરમ્યાન વિકાસ કામગીરીમાં રૂકાવટ ન આવે તે માટે રેલ્વેના પાટા ઉપર પુલ બાંધવાનું કામ સુરત મહાનગરપાલિકાએ હાથ ધરેલ છે. પરંતુ રેલ્વેની મંજૂરીને કારણે આ કામ હાલમાં બંધ પડેલ છે. જે કેન્દ્ર સરકારના રેલ્વે મંત્રીશ્રી નારાયણભાઈ રાઠવા સાથે ચર્ચા વિચારણા કરી રેલ્વે ખાતા તરફથી મંજૂરી મેળવવામાં અમારા પ્રયત્નો સાર્થક થયા છે. જેથી પુલ બાંધવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરી લોકોની સુખાકારીમાં વધારો કરવામાં આવશે.

ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલે પોતાના વકતવ્યમાં વિશ્વ મહિલા દિન નિમિત્તે મા. મેયરશ્રીએ મહિલાઓનું શાલ ઓઢાડી સ્વાગત કર્યુ તે બદલ આભારની લાગણી વ્યકત કરી. તથા મહિલાઓ માટે રેસ્ટ રૂમ બનાવવા તથા નિરાશ્રીત બહેનોને આવાસ યોજનામાં પ્રથમ એલોટમેન્ટ કરવા સૂચન કર્યુ. લીંબાયત ઝોનમાં વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્ર બનાવવાથી વરિષ્ઠ નાગરિકો સારા પુસ્તકોનું વાંચન કરી શકશે તેમજ ચોથા વર્ગના સફાઈ કામદારો માટે આવાસ યોજનાની પણ ખાસ જરૂરીયાત હોય તે જરૂરીયાત પણ આ તબકકે પૂર્ણ થઈ શકશે.

શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈએ તેમના પ્રવચનમાં સુરત મહાનગરપાલિકા ભારત દેશમાં પ્રાથમિક જરૂરીયાત સંતોષવા બાબતે ની વિકાસ યાત્રા વણથંભી ચાલુ રાખેલ છે. આ વિકાસના ખરા હકકદારો એવા સુરત મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓ નિષ્ઠાપૂવર્ક પોતાની ફરજ બજાવે છે જેનો તાદશ્ય નમુનો છે. તેમજ લીંબાયત ઝોનને અન્ય ઝોનમાં આપવામાં આવતી સેવાઓની સમકક્ષ મુકવા માટે પ્રયત્ન કરવામાં આ શાસકો સતત પ્રયત્નશીલ છે.

આ પ્રસંગે કમિશનરશ્રીએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા શહેરના સમતોલ વિકાસના દ્રઢનિશ્ચય સાથે દરેક ઝોનોમાં નાગરિકોને સુવિધાઓ આપવા તત્પર છે. તેના ભાગરૂપે આજરોજ લિંબાયત ઝોનમાં બે પ્રોજેકટોની ખાતમુહૂર્તવિધિ મા. મેયરશ્રીના વરદહસ્તે કરવામાં આવેલ છે. આંજણા સૂએઝ ફાર્મ ખાતે વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્રના મુખ્ય મકાનનું બાંધકામ ૪૧૦ ચોરસ મીટરમાં અંદાજીત રૂા. ૧૬ લાખ ૮૭ હજારના ખર્ચે કરવામાં આવનાર છે. આ કેન્દ્રના મુખ્ય મકાનના ગ્રાઉન્ડ ફલોર પર ઓફિસ, બે રેસ્ટરૂમ, હેલ્થ ચેકઅપ રૂમ, હોલ, ટી.વી. રૂમ, વાંચનાલય, લેડીઝ તેમજ જેન્ટસ ટોયલેટ બનાવવાનું આયોજન છે. આ વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્ર છ માસના ટૂંકા ગાળામાં તૈયાર થવાથી આંજણા, ડુંભાલ, લિંબાયતના વરિષ્ઠ નાગરિકોને તેમની ઉંમરને અનુરૂપ વિવિધ પ્રવૃત્તિઓનો લાભ પ્રાપ્ત થશે.

ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૪૧ (ડીંડોલી) ખાતે ફા. પ્લોટ નં. આર–૯, ગાયત્રી નગર ખાતે નિર્માણ થનાર સુરત મહાનગરપાલિકાના ચોથા વર્ગના સફાઈ કામદારો માટે સ્ટાફ કવાટર્સથી પણ એક ડગલું આગળ વધી સફાઈ કામદાર આવાસ યોજનાનું બાંધકામ ૫૩૧૫૪ ચોરસ ફુટમાં અંદાજીત રૂા. ૧ કરોડ ૨૫ લાખના ખર્ચે કરવામાં આવનાર છે. આ આવાસ યોજના પૈકી ૧ રૂમ રસોડાના ૬૦ ફલેટો તેમજ ૨ રૂમ રસોડાના ૭૫ ફલેટો મળી કુલ ૧૩૫ ફલેટો તૈયાર થયેથી સુરત મહાનગરપાલિકાના ચોથા વર્ગના ૧૩૫ સફાઈ કર્મચારીઓને આવાસની સુવિધા પ્રાપ્ત થશે અને કર્મચારીનું પણ એક ઘર હોયનું સ્વપ્નું સાકાર થશે. આ આવાસ યોજના ભાડા ખરીદ પધ્ધતિના ધોરણે રાજય સરકારશ્રીની સહાય યોજના હેઠળ સમાવિષ્ટ છે.

જેમાં ૧ રૂમ, રસોડાના ફલેટમાં ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની રૂા. ૪૦,૦૦૦/– સબસીડી તેમજ રૂા. ૫૧,૦૦૦/–ની દસ વર્ષની મુદતની વ્યાજ મુકત લોનના ધોરણે તેમજ ૨ રૂમ, રસોડાના ફલેટ રૂા. ૪૦,૦૦૦/–ની ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની સબસીડી રૂા. ૬૦,૦૦૦/– દસ વર્ષની મુદતની વ્યાજ મુકત લોન તેમજ રૂા. ૬૭,૫૨૬/–ની રકમની દસ વર્ષની મુદતની વાર્ષિક ૪% સાદા વ્યાજની સુરત મહાનગરપાલિકાની લોનનો સમાવેશ છે. આ લોન કર્મચારીના માસિક પગાર પૈકી સરખે હિસ્સે કપાત યોજના ધ્વારા ભરપાઈ કર્યેથી સફાઈ કામદાર તેના સ્વતંત્ર માલિકી હકક પણ મેળવશે.

સફાઈ કામદાર સ્ટાફ કવાર્ટસ મનપાની ફરજીયાત સેવા હોઈ નાણાંકીય ભારણ વિના તેને આવાસ યોજના સ્વરૂપે સાકાર મૂકવાથી મનપાના આર્થિક અને વહીવટી હિત પણ વધુ જાળવી ફરજીયાત એવા સંપન્ન કરી શકાશે. જે આદર્શ માર્ગદર્શક નાણાકીય આ યોજનાનો ભાગ પણ સાબીત થશે.

સુરત મહાનગરપાલિકા લિંબાયત ઝોનમાં નાગરિકોને જુદી જુદી સુવિધાઓ આપી રહેલ છે. અત્યાર સુધીમાં નાગરિક સુવિધા કેન્દ્ર, શાકભાજી માર્કેટ, વોર્ડ ઓફિસ, કર્મચારીઓ માટે સ્ટાફ કવાટર્સ, તથા સબ સેન્ટર, નગર પ્રાથમિક શાળાના મકાનો, સુમન શાળા, યુ.સી.ડી. સેન્ટર, આંગણવાડી, વાહન ડેપો વગેરે જેવા ૧૯ જેટલા નાના મોટા પ્રોજેકટો પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ કોમ્યુનિટી હોલ, વોર્ડ ઓફિસ, સીનીયર સીટીઝન માટે શાંતિકુંજ બનાવવાનું કામ, હેલ્થ સેન્ટર, વાંચનાલય, બનાવવાના કામ જેવા ૧૬ પ્રોજેકટો હાલમાં પ્રગતિ હેઠળ છે. તેમજ ડ્રાફટ ટી.પી. ૩૩ (કુંભાલ) પ્લોટ નં. આર–૪ ખાતે અંદાજીત રૂા. ૧૪૦ લાખના ખર્ચે તૈયાર થનાર લિંબાયત ઝોન માટે નવા વહીવટી ભવનનું કામ પણ પ્રગતિ હેઠળ છે.

આ ઉપરાંત આગામી વર્ષમાં પ્રાથમિક શાળા, કોમ્યુનિટી હોલ, સુમન શાળા, આંગણવાડી, રેન બસેરા, વોર્ડ ઓફિસ, ફાયર સ્ટેશન, વાંચનાલય જેવા નાના મોટા ૧૧ પ્રોજેકટો બનાવાવનું આયોજન છે. તેવી આશા વ્યકત કરી હતી.

જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી રાજુભાઈ દેસાઈએ મંચ ઉપર બીરાજમાન મહાનુભાવો તેમજ ઉપસ્થિત પ્રજાજનો નો આભાર માન્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષશ્રીઓ ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ, ઉપસ્થિત મહાનુભાવો અને આ વિસ્તારના નગરજનો ઉપસ્થિત રહયા હતા.



TOP